ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૩૭.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૪૬ ટકા

# શહેરમાં હજુ કોરોનાનો ગભરાટ છે

## શહેરના તબીબો રોજીંદી તપાસમાં દર્દીઓની મનોસ્થિતિ વર્ણવે છે

ગાંધીનગર, તા.૯

**સ્વાસ્થ્યને લઈને શહેરીજનો પહેલેથી જ સતર્ક જણાયા છે. કોરોનાની મહામારી આવી તે પહેલા પણ નગરજનો પોતાના સ્વાસ્થ્ય પ્રત્યે સભાનતા જાળવવામાં પાછા નહોતા પડતા અને આ કોરાની મહામારી બાદ તેઓ વધુ સજાગ થયા છે. શહેરના કોવીડ-૧૯ સેન્ટર સિવાય પણ અનેક મેડિકલ ક્લિનિક પર હવે નાના - મોટા રોગની સારવાર માટે નગરજનો વિઝીટ કરી રહ્યા છે. લોકડાઉનના સમય બાદ આ અનલોક-૧ આવતા નગરજનો થોડે અંશે કોરોના થવાના વિચારથી રાહત પામ્યા છે તેમ લાગી રહ્યું છે. છતાં પણ ક્યાંક ને ક્યાંક કોરોના થવાનો ડર નગરજનોમાં છે તેવું નગરના જાણીતા ડોક્ટરોનું કહેવું છે. આ બાબતે નગરના ડોક્ટરોને પૂછતા તેઓએ તેમની હાલના દિવસની પ્રેક્ટીસ અને પેશન્ટ સાથેની વાતચીતને અનુલક્ષીને વર્તમાન સમયે નગરજનોની મનોસ્થિતિ વિશે તેમના મત અહી રજૂ કરવામાં આવ્યા છે.**

●●●

**દિવસે ને દિવસે કોરોનાનો સ્ટ્રેસ વધતો જાય છે નવા દર્દી તો છે જ પણ જુના સાજા થઇ ગયેલા દર્દી પાછા પોતાની તકલીફ લઈને આવવા લાગ્યા છે**

દિવસે ને દિવસે કોરોનાના ડરવાળા દર્દીની સંખ્યામાં વધારો થતો જઈ રહ્યો છે. કોરોનાનો ભય એટલો વધતો જાય છે કે જૂના પેશન્ટ જે સાજા થઈ ગયા હતા તેઓ કોરોનાને લીધે અનસ્ટેબલ



થવા લાગ્યા છે. મેં લગભગ વર્ષ ૨૦૧૩ - ૨૦૧૭માં દવા કરી હોય એવા દર્દીઓ આ બે ત્રણ મહિના ઘરમાં રહેવાનું સહન ન કરી શક્યા અને પાછા ટ્રીટમેન્ટ કરાવવા માટે આવ્યા છે. જે સ્વસ્થ છે તેમની હાલત પણ ખરાબ છે તો પછી માનસિક રીતે અસ્વસ્થ હોય તેમની હાલત તો શું થાય? હાલ બધાના મગજમાં એક પ્રકારની અનિશ્ચિતતા છે. આમ પણ હાલ નો સમય સ્ટ્રેસ ફૂલ લાઈફનો છે પહેલા સ્ટ્રેસ વર્ક લોડ કે અંગત જીવનનો હતો અને હાલ સ્ટ્રેસ જીંદગી બચાવવાનો છે. પહેલા ટેકસ ભરવાથી ડરતા અને હવે બધા વધારાના કોરોનાનો ટેકસ ભરવાથી ડરે છે.

**- ડો.ગૌરાંગ થાનકી, મનોચિકિત્સક**

●●●

**કોરોના ની મહામારી સામે લડવાની સાથે નગરજનોને પોતાના હેલ્થ અને હાઈજીન માટે સજાગતા આવી છે**

મારા આયુર્વેદિક ક્લિનિકમાં હાલ સૌથી વધારે દર્દીઓ પોતાની ઈમ્યુનીટી બુસ્ટ કરવા માટે આવે છે. કોરોના ની ખરાબ અસરની સાથે તે સારું થયું હોય તો તે છે કે નગરજનો પોતાની હેલ્થ અને હાઈજીન વિશે સજાગ થયા છે. કોરોના સિવાય મારે ત્યાં ચયાપચયની ક્રિયા સંદર્ભે, એલર્જીને કારણે નાકમાંથી પાણી વહેતું હોય તો તે કારણોસર અને સામાન્ય તાવ આવતો હોય તે દર્દી આવે છે. સાયકોલોજીકલી બધા આ રોગના વિચારને લઈને પોઝિટિવ જ છે. હજી મને નેગેટિવ ઈફેક્ટ હજી જોવા મળી નથી.પણ હવે દરેક વધુ સજાગ અને પોતાનું ધ્યાન રાખવામાં માને છે. દર્દીઓ જ્યારે અમને



પૂછે છે કે, કોરોનાનું હવે શું થશે ત્યારે અમે એક જ જવાબ આપી શકીએ છે કે વેક્સિન શોધાય થાય ત્યાં સુધી પૂરતી તકેદારી રાખવી વધુ જરૂરી છે. અને આમે દરેક હવે સમજી ગયા છે કે, કોરોના સાથે હવે રહેવાનું છે તેનાથી ડરવાનું નથી.

**- ડો. કેદાર ઉપાધ્યાય, આયુર્વેદિક ચિકિત્સક**

●●●

**દર્દી જ્યારે અમારા પાસે આવે છે ત્યારે હવે કાઉન્સલીંગ કરવું એ અમારું પ્રથમ સ્ટેપ છે**

પહેલાં એવું હતું કે નાનો-મોટો તાવ કે શરદી હોય તો પણ દર્દી દોડીને દવાખાને આવી જતા પરંતુ હવે જરૂરિયાત હોય એવા દર્દી જ



હોસ્પિટલમાં આવે છે. તેઓ હવે કોરોનાના ઈન્ફેક્શનથી ડરે છે. અમારા ક્લિનિકમાં વાયરલ ફીવર, ગળાનું ઈન્ફેક્શન, પથરી, મેલેરિયાના લક્ષણો ધરાવતા દર્દી આવે છે. સામાન્ય તાવ કે ગળામાં ઈન્ફેક્શન પણ હોય તો હાલ દરેકને લાગે છે કે, તેમને કોરોના જ થઈ ગયો છે એટલે જ્યારે આ પ્રકારની વાત કોઈ દર્દી કરે ત્યારે અમે તેમને સમજાવીએ છે. પહેલા અમે તેમને દવા આપી પ્રિકોશન લેવાનું કહીએ છીએ ત્યારબાદ ફરીથી રૂટિન ચેકઅપ કરી જોઈએ અને અમને લાગે તો સામાન્ય બ્લડ ટેસ્ટ કરાવવાનું કહીએ છીએ. ડાયરેક અમે એમ કહી દઈએ કોરોનાનું ચેકઅપ કરાવો તો તેઓ ડરી જાય છે. આ સમયમાં દર્દીઓ સાથે ડોક્ટરોએ પણ પોતાનું ધ્યાન રાખવાની જરૂર છે કારણ કે કોરોના થયેલ વ્યક્તિને પણ ખબર નથી હોતી કે તેને કોરોના છે. હાલના તબક્કે તો જ્યારે કોઈ દર્દી ક્લિનિકમાં આવે ત્યારે કાઉન્સિલિંગ જ અમારા માટે પ્રથમ રસ્તો છે.

**- ડો.પારસ શાહ, એમ.બી.બી.એસ અને ક્રિટીકલ કેર કન્સલ્ટન્ટ**

# પેન્શન મેળવવા બાબતેના નિયમો સ્પષ્ટ થાય તેવી નગરના પેન્શનરોની માંગ

ગાંધીનગર, તા.૯

લોકડાઉનને પગલે સરકાર દ્વારા દરેક ક્ષેત્ર માટે અલગ-અલગ પ્રકારના નિયમો બહાર પાડવામાં આવ્યા હતા. હાલ અનલોક દરમિયાન પણ વિવિધ ક્ષેત્રે જોડાયેલ નાગરિકો માટે નિયમાનુસાર કાર્ય કરવું જરૂરી બન્યું છે ત્યારે ગુજરાત સરકાર દ્વારા બનાવાયેલ અમુક કાયદા અને નિયમોનું પાલન કરતા કરતા તે ક્રોસ થતા હોય તેમ જણાઈ રહ્યું છે. એક બાજુ નાણાં વિભાગ પેન્શન મેળવવા લાભાર્થીઓને રૂબરૂ આવવા આદેશ આપે છે. બીજી બાજુ નાના બાળકોની સાથે મોટી ઉંમરના તમામને પણ ઘરની બહાર ન નીકળવાની સલાહ આપવામાં આવી છે. ડોક્ટરોના કહેવા મુજબ વૃદ્ધે ઘરની બહાર નીકળવાથી કોરોનાનું જોખમ વધી જાય છે. તો હવે પેન્શનરો કરે તો કરે શું ડોક્ટરનું માની ને ઘરે રહે તો પેન્શન ન મળે અને પેન્શન લેવા જાય તો સરકાર દ્વારા બનાવાયેલ નિયમનો ભંગ થાય. આ ઉપરાંત પેન્શન વિભાગ દ્વારા પણ જો પેન્શનર આ વર્ષના ઓગસ્ટ મહિના સુધીમાં પેન્શન લેવા રૂબરૂ ન જાય તો તેમનું પેન્શન બંધ કરવાની ચીમકી આપવામાં આવી છે. અનેક વિભાગમાંથી એવું પણ જાણવા મળ્યું છે કે પેન્શનરો તેમની રીતે પણ જવાની કોશિશ કરે તો પણ તેમને એક મહિના પછી હાજર થવાનું જ કહેવામાં આવે છે હવે આ સરકારના નિયમો ઉપરાંત આ વિભાગોમાં જે નિયમ બનાવ્યા છે તેનું પાલન કરવા જતા પેન્શન બંધ તો નહીં થઈ જાય ને તેનો ડર નગરના પેન્શનરોને છે. આ બાબતની સ્પષ્ટતા જલ્દીથી જલ્દી થાય તેવી નગરના તમામ પેન્શનરોની માંગ છે.



સેકટર-૧૧ના કોમર્શિયલ વિસ્તારમાં વેપાર-ધંધા ખૂબ ધમધમે છે પરંતુ અહીં ગંદકીનો પાર નથી. વળી ચોમાસામાં તો અહીં પાણીના નિકાલની કોઈ વ્યવસ્થા ન હોવાથી થોડાક વરસાદમાં જ અહીં ખાબોચિયા ભરાઈ જાય છે. રાહદારી અને વાહનચાલકોને તેના કારણે ખૂબ જ તકલીફ પડે છે.

# ટેક્નોલોજીના માધ્યમથી નહેરૂ યુવા કેન્દ્ર દ્વારા 'વિશ્વ પર્યાવરણ દિન' ની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૯

પ્રવર્તમાન સમયમાં નોવેલ કોરોના વાઈરસ કોવિડ-૧૯ મહામારી સમગ્ર વિશ્વમાં ફેલાઈ રહી છે. આ વાઈરસના ચેપથી સમગ્ર વિશ્વમાં અનેક લોકો સંક્રમિત થયા છે. ભારતમાં નોવેલ કોરોનાને નિયંત્રણ કરવા માટે સમગ્ર ભારતમાં લોકડાઉન આપવામાં આવ્યું હતું. આ લોકડાઉન દરમિયાન નહેરુ યુવા કેન્દ્ર સંગઠન ગુજરાતના રાજ્ય નિર્દેશક મનીષાબેન શાહ, ગાંધીનગરના જિલ્લા યુવા સંયોજક ભારતી મોગરા, સચિન શર્મા, ભાનુભાઈ એમ. શાહના માર્ગદર્શન અનુસાર વેબિનાર ના માધ્યમ દ્વારા 'સોશિયલ સ્ટીગમા એન્ડ એન્વાર્યમેન્ટ સસ્ટેનીબિલીટી' અંગે તા.૫મી જુનના દિવસે વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વેબિનારમાં યુનિસેફનાબ ગૌરાંગ રાવલ, મીનલ ચડ્ડા તેમજ ગીર ફાઉન્ડેશનના આલાપ પંડિત અને નહેરૂ યુવા કેન્દ્ર સંગઠનના રાજ્ય નિર્દેશક મનીષાબેન શાહ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે રાજયના તમામ નેહરૂ યુવા કેન્દ્રના જિલ્લા યુવા સંયોજકો તેમજ યુવા વોલ્યન્ટર્સને વિશ્વ પર્યાવરણ દિનને શુભેચ્છાઓ પાઠવી હતી તેમજ સંબોધન કર્યુ હતું. આ કાર્યક્રમમાં ગૌરાંગ રાવલે સોશિયલ સ્ટીગમા પર અને આલાપ પંડિતે પર્યાવરણ જાળવણી તેમજ વૃક્ષોના મહત્વ વિષે ચર્ચા કરી હતી.



સેકટર-૮ના શોપીંગ સેન્ટર વિસ્તારમાં નિયમિત રીતે સાફસફાઈ થતી નથી. દુકાનોની આગળ કચરો ખુબ જોવા મળે છે. અહીં આવતા ગ્રાહકો કચરાપેટીની બહાર જ કચરો નાંખીને જતા રહેતા હોવાથી અહીં ઠેર ઠેર કચરો જોવા મળે છે.

## શાહપુર ચોકડી પાસે રતનપુરના યુવક પર હુમલો

શાહપુર નજીક મંગળવારના રોજ રાત્રીના સુમારે રતનપુરના યુવક પર હુમલાની ઘટના સામે આવી છે. મળતી વિગત મુજબ રતનપુર ગામના રત્નેશ્વર મહાદેવ મંદિર પાછળ રહેતા વનરાજસિંહ શંકરસિંહ બિહોલાને રાત્રીના ૧૨ વાગ્યાના અરસામાં કુડાસણના સંદિપ ઠાકોરનો ફોન આવ્યો હતો. યુવકને શાહપુર ચોકડી આવ આપણે સમાધાન કરી લઈએ. જેથી વનરાજસિંહ પોતાના બે મિત્રો લઈને ત્યાં પહોચ્યો હતો. આ સમયે સંદિપસિંહ ઠાકોર, રાહુલ અને અન્ય એક યુવક આવ્યો હતો. તેઓએ અચાનક લાકડી અને પાઈપ વડે હુમલો કરી દીધો હતો. જેને પગલે વનરાજસિંહને હાથમાં પાઈપ વાગતા તે અર્ધબેભાન થઈ ગયો હતો. જેને પગલે ત્રણેય શખ્સો જાનથી મારી નાંખવાની ધમકી આપી ત્યાંથી રફુચકકર થઈ ગયા હતા. ઈજાગ્રસ્તને પહેલા ગાંધીનગર સિવિલ અને ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ ખાતે રીફર કરાયા હતા. બનાવ અંગે ડભોડા પોલીસે ત્રણ શખ્સો સામે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## કોરોના વાઈરસની મહામારીમાં સેવાકીય પ્રવૃત્તિઓ માટે આર્થિક સહયોગ અને રકતદાન માટે સમસ્ત જણસારી સમાજ દ્વારા અપીલ

ગાંધીનગર, તા.૯

દેશ વિદેશમાં ફેલાયેલ કોરોના વાઈરસ મહામારીને મહાત્ત કરવા સમસ્ત જણસારી સમાજ ગાંધીનગર દ્વારા સર્વ જ્ઞાતિજનોને જાગૃત નાગરિક તરીકે સરકારના નિયમોનું પાલન કરવા, ઘરમાં સુરક્ષિત રહી સેનેટાઈઝર તેમજ સોશ્યલ ડિસ્ટન્સિંગનું પાલન કરવા નમ્ર અપીલ કરવામાં આવે છે. આ સિવાય સંસ્થાઓ તમામને આરોગ્યસેતુ એપ ડાઉનલોડ કરાવી પીએમ કેર ફંડ તેમજ સીએમ રીલીફ ફંડમાં પણ ફાળો લખાવેલ છે. આ સિવાય સંસ્થાએ યથાશકિત ફાળો આપવા, જરૂરિયાતમંદને મદદ કરવા તથા સ્વેચ્છાએ રકતદાન કરવા અપીલ કરી છે.

સંસ્થા દ્વારા સંકટ સમયે સેવાકીય કાર્ય કરનારનું કોરોના વોરયર્સ તરીકે યથાશકિત સન્માન કરવામાં આવશે તેમ સંસ્થાના મંત્રી મહેન્દ્રભાઈ કે. ચૌહાણે જણાવ્યું છે તથા વધુ વિગત માટે મો. નં. ૯૪૨૭૦૫૬૮૪૫ પર સંપર્ક કરવા જણાવ્યું છે.

# કોરોના કાળમાં જિલ્લા ક્ષય વિભાગના કર્મચારીઓની પ્રસંશનીય કામગીરી

## ટીબીના ૨૨૦૦થી વધુ દર્દીઓનું નિયમિત ટેલિફોનિક કાઉન્સેલીંગ કરવા સાથે ગળફાની તપાસના સેમ્પલ પણ દર્દીના ઘરે જઈને લાવ્યા અને ન્યુટ્રિશ્યિન કીટ તથા દવાઓ પણ પહોંચાડી

ગાંધીનગર, તા.૯

કોરોના મહામારીમાં દેશ આખામાં એક લડતનો માહોલ જોવા મળ્યો છે. આ મહામારી દરમિયાન પોલીસથી લઈને અર્ધલશ્કરી બળો, નર્સિંગથી લઈને તબીબો, વહીવટી તંત્રથી લઈને સેવાભાવી સંસ્થાઓ, સ્વચ્છતા કર્મીઓથી લઈને ફાયર વિભાગ તમામ ક્ષેત્રમાં કાર્યરત જવાબદાર નાગરિકો દ્વારા કોરોના વોરિયર્સ તરીકે ફરજ બજાવવામાં આવી રહી છે. ગાંધીનગર જિલ્લામાં ક્ષય વિભાગ દ્વારા પણ આ સમયે વિવિધ પ્રવૃત્તિઓ થકી તેમનું યોગદાન આપવામાં આવ્યું છે.

ગાંધીનગર જિલ્લાના જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. એમ.એચ. સોલંકી તથા જિલ્લા ક્ષય અધિકારી ડૉ. એમ.બી. ચૌહાણના માર્ગદર્શન અંતર્ગત કોરોના મહામારી દરમિયાન ટીબીના દર્દીઓને સારવાર અંગે કોઈ તકલીફ ના પડે તે હેતુથી તકેદારી રાખવામાં આવી હતી. આ ગાળા દરમિયાન જિલ્લા ટીબી વિભાગ અને જિલ્લા આરોગ્ય વિભાગના કર્મચારીઓ દ્વારા જે કામગીરી કરવામાં આવી હતી તેમાં જિલ્લામાં ટીબીની સારવાર લઈ રહેલા દર્દીને ટેલિફોનિક વાત કરીને કોરોના વાયરસ સંક્રમણના લક્ષણો અંગે માહિતગાર કરવા જિલ્લાના ૨૨૩૮ દર્દીઓનું ટેલિફોનિક કાઉન્સેલીંગ કરવું, ટીબી વિભાગના ૨૪ કર્મચારીઓ દ્વારા દરરોજ ૭૦થી વધુ દર્દીઓને સારવાર તેમજ કોરોનાના લક્ષણો અંગે પુછપરછ કરવા સાથે આરોગ્ય વિષયક શિક્ષણ આપવાના કાર્યનો સમાવેશ થાય છે. આ સાથે દર્દીઓના પરિવારના સભ્યોની પણ પુછપરછ કરવી, લોકાડાઉનમાં બંધ રહેલી કુરિયર સેવાને કારણે ટીબીની તપાસ માટે જરુરી ગળફાની તપાસના સેમ્પલ દર્દીના ઘરે જઈને લઈ આવવા, દાતાઓ તરફથી પ્રાપ્ત થતી ન્યુટ્રિશ્યિન કીટ તમામ ૨૫ દર્દીના ઘરે પહોંચાડવાનું કાર્ય સળંગ ત્રણ માસ સુધી કરવું, દર્દીઓને આરોગ્યસેતુ એપ અંગે માહિતી આપવી તેમજ દર્દીઓને ઘરે નિયમિત અને સમયસર દવાઓ પહોંચાડવાનું કાર્ય કરવાની સેવાઓ પણ આ કર્મચારીઓ દ્વારા આપવામાં આવી હતી.

## ચિરવિદાય

● સ્વ. બ્રહ્મભટ્ટ ચંદ્રકાન્ત કાંતિલાલ, ઉ.વ. ૬૪, સેકટર-૨૨









અનલોક-૧માં હવે ધીમે ધીમે સાવચેતીપૂર્વક જનજીવન પાટા પર આવી રહ્યું છે. ડર ચોકકસ છે પરંતુ જીવનને ધબકતું કરવાનો પ્રયાસ પણ થઈ રહ્યો છે. શહેરી બસ સેવા અને રાજ્ય પરિવહનને ખાસ્સી અસર પહોંચી છે ત્યારે ગાંધીનગરની સીટી બસ સેવાનો પણ હવેથી પ્રારંભ થયો છે વાવોલ અને ઈન્દિરાબ્રીજના રૂટ બંધ છે જયારે અન્ય રૂટ રાબેતા મુજબ શરુ કરાયા છે. ઘણા રૂટ હજુ પણ બંધ છે. મુસાફરોની સંખ્યા પણ નહિવત જેવી છે. પેસેન્જર નું **tempreture** ચેક કરવામાં આવે છે બસોને સેનીટાઈઝ કરવામાં આવે છે. બસમાં પણ મુસાફરોને ઓછી સંખ્યામાં સોશ્યિલ ડિસ્ટન્સનું પાલન થાય તે રીતે બેસાડવામાં આવે છે.